પ્રાથમિક શાળાઓમાં ખાલી જગ્યાઓ ભરવા
<u>વિધ્યા સહાયકની યોજના</u>
પસંદગીના ધોરણ બાબત

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર
ઠરાવ ક્રમાંકઃ- પીઆરઇ-૧૦૯૬-ઇએમ-૪૪૨-ક,
તારીખઃ- ૩-૯-૨૦૦૪.

<u>સંદર્ભ :-</u>
૧. શિક્ષણ વિભાગનો તા. ૧૧-૬-૯૮નો ઠરાવક્રમાંકઃ- પીઆરઇ-૧૦૯૬-૩૦૫૦-૧૦૨૭(૯૮)-ક
૨. શિક્ષણ વિભાગનો તા. ૩૧-૮-૯૮નો ઠરાવક્રમાંકઃ- પીઆરઇ-૧૩૯૮-સીસી-૨૯૪-ક
૩. શિક્ષણ વિભાગનો તા. ૨૧-૬-૨૦૦૦નો ઠરાવક્રમાંકઃ- પીઆરઇ-૧૦૯૬-૩૦૫૦-ક
૪. શિક્ષણ વિભાગનો તા. ૧-૮-૨૦૦૦નો ઠરાવક્રમાંકઃ- પીઆરઇ-૧૦૯૬-૩૦૫૦-ક
૫. શિક્ષણ વિભાગનો તા. ૧-૮-૨૦૦૧નો ઠરાવ ક્રમાંકઃ- પીઆરઇ-૧૦૯૬-ઇએમ-૪૪૨-ક
૬. શિક્ષણ વિભાગનો તા. ૧-૧૦-૨૦૦૧નો ઠરાવ ક્રમાંકઃ- પીઆરઇ-૧૦૯૬-ઇએમ-૪૪૨-ક
૭. શિક્ષણ વિભાગનો તા. ૧૨-૨-૨૦૦૪નો અને ૫-૬-૨૦૦૪નો ઠરાવક્રમાંકઃ- પીઆરઇ-૧૦૯૬-૩૦૫૦-ક
૮. પ્રાથમિક શિક્ષણ નિયામક ગુજરાત રાજય ગાંધીનગરના તા ૨-૯-૨૦૦૪ ના પત્ર ક્રમાંક પ્રાશિનિ-૦૪-ક-૧૨૮૬૩

<u>ઠરાવ</u>

સંદર્ભ-(૧) માં જણાવેલ ઠરાવથી જિલ્લા પંચાયતો, અધિકૃત નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓની પ્રાથમિક શાળામાં વિધ્યાસહાયકોની ભરતી કરવાની યોજના અમલમાં મૂકી છે. રાજય પરીક્ષા બોર્ડ ગુજરાત રાજય ધ્વારા પીટીસી પ્રરીક્ષાના વિષયોમાં ફેરફાર કરવામાં આવતા, સરકારે સંદર્ભ-(૬) માં જણાવેલ ઠરાવથી ધોરણ ૧૨ પછી પી.ટી.સી. પરીક્ષા પાસ કરનાર ઉમેદવારની પી.ટી.સી.ની ગુણ ગણતરીમાં પી.ટી.સી.ના કુલ ગુણના સરવાળામાંથી સમુહ જીવન ૧૦૦ ગુણ, કાર્ય શિક્ષણ ૧૦૦ ગુણ, અને વાર્ષિક શિક્ષણ કાર્ય ૧૦૦ ગુણ એમ કુલ ૩૦૦ ગુણ બાદ કરીને ગુણ ગણતરી કરવાની જોગવાઇ કરી હતી. ત્યારબાદ સંદર્ભ (૭) માં જણાવેલ ઠરાવથી વિધાસહાયકની ભરતી માટેની લાયકાતમાં તાલિમિ સ્નાતકની લાયકાત માન્ય ગણવામાં આવેલી છે.

પુખ્ત વિચારણાને અંતે સંદર્ભ (૬) ના ઠરાવથી કરવામાં આવેલ ૩૦૦ ગુણ બાદ કરવાની જોગવાઇ આ ઠરાવ રવાના થયાની તારીખથી રદ કરવાનુ સરકાર ઠરાવે છે., અને પીટીસી-તાલીમી સ્નાતક થયેલ ઉમેદવારની પીટીસી અને તાલીમી સ્નાતકમાં મેળવેલ <u>ગુણની ગણતરી</u> કરવાની પધ્ધતી નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે.

આંતરિક મુલ્યાંકન વત્તા બાહય મુલ્યાંકનના કુલ ગુણની ટકાવારીના ૬૦ (સાઇઠ) ટકા પ્રમાણે ગણતરી કરવાની રહેશે. આ સિવાયની અન્ય ઠરાવેલ જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બચુભાઇ નાયી )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.

૨...

પ્રતિ,
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-માન. મંત્રીશ્રી, શિક્ષણ ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત અને ગ્રામગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-વિકાસ કમિશ્નરશ્રી, ગુ.રા., ગાંધીનગર.
-નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુ.રા., ગાંધીનગર.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
-તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ.
-તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.
- સર્વે શાશનાધિકારીશ્રી, મહાનગરપાલિકા - નગરપાલિકા અને નગરપંચાયત.
} (પ્રાથમિક શિક્ષણ નિયામક મારફત)
-નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા., ગાંધીનગર
-માહિતી નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
-શિક્ષણ વિભાગની સર્વે શાખા-,-સીલેકટ ફાઇલ.